**અગત્યનું**

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/3333-36
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 03/04/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શાળાઓમાં ઉનાળુ વેકેશનની તારીખમાં ફેરફાર કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વર્ષ-૨૦૧૭-૧૮ના શાળાકીય પ્રવૃતિ કેલેન્ડરમાં દર્શાવ્યા મુજબ શાળાઓમાં ઉનાળુ વેકેશનનો સમયગાળો તા.૦૧/૦૫/૨૦૧૮ થી તા.૦૪/૦૬/૨૦૧૮ સુધીનો નિયત થયેલ છે. બોર્ડની તા.03/03/૨૦૧૮ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક:-૭૯/૨૦૧૮થી કરવામાં આવેલ નિર્ણય મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ ના ઉનાળુ વેકેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮માં શાળાઓમાં ઉનાળુ વેકેશનનો સમયગાળો તા.૦૭/૦૫/૨૦૧૮ થી તા.૧૦/૦૬/૨૦૧૮ સુધીનો રહેશે. શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૧૯ નું સત્ર તા.૧૧/૦૬/૨૦૧૮ થી શરૂ થશે, જેની નોંધ લેશો.

ઉક્ત બાબત અંગે આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરશો.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :-**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર